**Booklet Type** **A**

# Paper - I
## OCT–10

**Booklet No.** ____________

Roll No. ☐☐☐☐☐
(In figures as in Admit Card)
Roll No. ......................................
..........................................................
(in words)

**Signature of Invigilators**
1. ..............................................
2. ..............................................

**Time Allowed : 75 Minutes]**

**[Maximum Marks : 100**

**ICR Answer Sheet No.** ☐☐☐☐☐

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page. Write your ICR Answer Sheet Number in the space provided for Answer Sheet Number on the top of this page.
2. This paper consists of **Sixty (60)** multiple choice type questions. Attempt **50** questions. In the event of the candidate attempting more than **50** questions, the first **fifty (50)** questions attempted by the candidate would be evaluated..
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.
   Correct method [A] Wrong method [ ]A OR [A]
4. Your responses to the items for this paper are to be indicated on the Answer Sheet under Paper-I only.
5. Read instructions given inside carefully.
6. Extra space is provided at the beginning and at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.
8. There shall be no negative marking.
9. Use of calculator or any other electronic devices is prohibited.
10. In case of any discrepancy in Gujarati and English version of Questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો. ઉપર દર્શાવેલ Answer Sheet Number ની જગ્યાએ તમારો ICR Answer Sheet Number લખો.
૨. આ પ્રશ્નપત્રમાં **સાંઠ (૬૦)** વૈકલ્પિક ધરાવતા પ્રશ્નો છે. **૫૦** પ્રશ્નો કરવાના છે. જો કોઈ વિદ્યાર્થી **૫૦** થી વધારે પ્રશ્નો કરશે તો પહેલાના **૫૦** પ્રશ્નો માન્ય થશે.
૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.
   ખરી રીત : [A] ખોટી રીત : [ ]A , [A]
૪. આ પ્રશ્નપત્રના જવાબ આપેલ Answer Sheet ના Paper I વિભાગની નીચે આપેલ ખાનાઓમાં આપવાના રહેશે.
૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.
૬. આ બુકલેટની શરૂઆતમાં અને પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.
૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈપણ કાગળ પરીક્ષા ખંડની બહાર લઈ જવો નહીં.
૮. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
૯. કેલ્કયુલેટર અને ઈલેક્ટ્રોનિક યંત્રોનો પ્રયોગ કરવાની મનાઈ છે.
૧૦. પ્રશ્નપત્રના પ્રશ્નોમાં ગુજરાતી અને અંગ્રેજી ભાષાંતરમાં કોઈ વિસંગતિ જોવા મળશે તો અંગ્રેજી અર્થને જ માન્ય ગણવામાં આવશે.

## ROUGH WORK

## PAPER–I

## પેપર–I

Note : This paper contains **Sixty (60)** multiple-choice questions of **two** marks each. You are required to answer any **fifty (50)** questions out of them. If you attempt more than **50** questions, the first **50** questions you have attempted will be evaluated. There is no negative marking for wrong answers.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **૬૦ (સાંઠ)** બહુવિકલ્પી પ્રશ્નો આપેલા છે. પ્રત્યેક પ્રશ્ન **બે** ગુણનો છે. આમાંથી તમારે **૫૦ (પચાસ)** પ્રશ્નોના ઉત્તરો આપવાના છે. પરંતુ જો તમે **૫૦** કરતાં વધારે પ્રશ્નોના ઉત્તરો આપશો તો તેમાંના પહેલા **૫૦** પ્રશ્નો જ તપાસવામાં આવશે. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.

---

1. Which of the following statements defines education best ?
   (A) Education is a means of social change
   (B) Education imparts useful knowledge
   (C) It prepares autonomous human beings
   (D) It generates a lot of employment

2. Semester system is recommended as it is considered to :
   (A) help students learn more efficiently and be regular
   (B) reduce examination orientedness and increase emphasis on learning
   (C) provide scope for continual appraisal and on course correction in teaching-learning process
   (D) allow for more creative ways of teaching

1. નીચે પૈકીનું કયું વિધાન શિક્ષણને સૌથી સારી રીતે વ્યાખ્યાયિત કરે છે ?
   (A) શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું સાધન છે
   (B) શિક્ષણ ઉપયોગી જ્ઞાન આપવાનું કાર્ય કરે છે
   (C) તે સ્વચાલિત મનુષ્યો તૈયાર કરે છે
   (D) તે મોટા પ્રમાણમાં રોજગારીનું નિર્માણ કરે છે

2. સેમેસ્ટર પ્રથાની ભલામણ કરવામાં આવે છે, કેમ કે :
   (A) એ વિદ્યાર્થીઓને વધુ કાર્યદક્ષતાથી અને નિયમિત રીતે અભ્યાસ કરવામાં મદદરૂપ બને છે
   (B) એ પરીક્ષાલક્ષિતા ઓછી કરે છે અને અધ્યયન પર વધુ ભાર આપે છે
   (C) એ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન અભ્યાસક્રમનું સતત મૂલ્યાંકન અને સુધારણા કરવાની તક પૂરી પાડે છે
   (D) અધ્યાપનની વધુ સર્જનાત્મક પદ્ધતિઓને અવકાશ આપે છે

3. It is said that teachers must enable students to own the responsibility for learning. This means teachers
   (A) have reduced responsibility of learning
   (B) assign learning tasks to students
   (C) ask students to study on their own
   (D) must help students to evolve one's own ways of learning

4. At higher education stage emphasis needs to be on, not only 'what' and 'how much' is learned by students but 'how' and 'how well' they learn. This idea is expressed at present as :
   (A) Learning to know
   (B) Learning to live
   (C) Learning to do
   (D) Learning to learn

5. The current thinking of assessing students only at the end of the term is less relevant as it :
   (A) reveals student's learning in respect of subject matter
   (B) concerns with how accurately one recollects the subject matter
   (C) may reveal 'temporary learning' and not beyond
   (D) assesses student learning on 'what is asked' rather than 'what is learned' even beyond subject matter

3. એવું કહેવાય છે કે શિક્ષકોએ વિદ્યાર્થીઓને પોતાના અધ્યયનનું ઉત્તરદાયિત્વ લેવા માટે સક્ષમ બનાવવા જ જોઈએ. આનો અર્થ એ કે :
   (A) અધ્યયન અંગેની શિક્ષકોની જવાબદારી ઓછી થાય છે
   (B) શિક્ષકોએ વિદ્યાર્થીઓને અધ્યયન-મનોયત્નો આપવાં જોઈએ
   (C) શિક્ષકોએ વિદ્યાર્થીઓને જાતે શીખી લેવા માટે કહેવું જોઈએ
   (D) વિદ્યાર્થીઓ અધ્યયન કરવા માટે પોતાના માર્ગ શોધી કાઢે તે માટે શિક્ષકે મદદ કરવી જોઈએ

4. ઉચ્ચ શિક્ષણ કક્ષાએ આપણે એના પર ભાર આપવાની આવશ્યકતા નથી કે વિદ્યાર્થીઓ 'શું' અને 'કેટલું' શીખે છે. પરંતુ તેઓ 'કેવી રીતે' અને 'કેટલી સારી રીતે' શીખે છે તેના પર ભાર આપવો જોઈએ. હાલમાં આ ખ્યાલની અભિવ્યક્તિ આ પ્રમાણે કરવામાં આવે છે :
   (A) જાણવા માટે શીખવું
   (B) જીવન જીવતાં શીખવું
   (C) કરતાં શીખવું
   (D) શીખતાં શીખવું

5. માત્ર સત્રના અંતે જ કરવામાં આવતા વિદ્યાર્થીના મૂલ્યાંકનનો ખ્યાલ ઓછો પ્રસ્તુત લાગે છે, કેમ કે :
   (A) એના દ્વારા વિષયવસ્તુના સંદર્ભમાં વિદ્યાર્થીના અધ્યયનની ખબર પડે છે
   (B) એનો સંબંધ વિદ્યાર્થી કેટલી ચોકકસાઈથી વિષયવસ્તુ યાદ કરી શકે છે તેની સાથે છે
   (C) એના દ્વારા માત્ર 'કામચલાઉ અધ્યયન' ની જાણ થાય છે એની પારના અધ્યયનની નહીં
   (D) એના દ્વારા વિદ્યાર્થીઓનું 'શું પુછાયું છે' તેના સંદર્ભમાં થયેલા અધ્યયનનું મૂલ્યાંકન થાય છે નહીં કે તેણે વિષયવસ્તુની બહારનું 'શું શીખ્યું' છે તેનું

6. Arrange the following from the least difficult to most difficult :
(1) Teaching of processes
(2) Teaching of values
(3) Teaching of concepts
(4) Teaching of thinking skills
(A) (1), (3), (4), (2)
(B) (2), (4), (3), (1)
(C) (1), (3), (2), (4)
(D) (1), (2), (3), (4)

7. Recently a separate Board has been established to monitor all ......................education institutions in Gujarat.
(A) legal
(B) technical
(C) medical
(D) professional

8. The increasing number of entrants into higher education has necessitated changes in our views of teaching learning. Some progressive institutions have faced this through the adoption of multimedia for teaching-learning. This means, the use of..................for teaching learning.
(A) lecture-cum-discussion, practical work
(B) face to face, distance and open learning (ODL) systems
(C) ODL, face to face, satellite and web based modes
(D) self-learning, ICT based, ODL

6. નીચેનાને 'ઓછા કઠિન' થી 'વધુ કઠિન' એ ક્રમમાં ગોઠવો :
(1) પ્રક્રિયાઓનું અધ્યાપન
(2) મૂલ્યોનું અધ્યાપન
(3) સંકલ્પનાઓનું અધ્યાપન
(4) વિચાર-કૌશલ્યોનું અધ્યાપન
(A) (1), (3), (4), (2)
(B) (2), (4), (3), (1)
(C) (1), (3), (2), (4)
(D) (1), (2), (3), (4)

7. હાલમાં .......... શૈક્ષણિક સંસ્થાઓ પર દેખરેખ રાખવા એક અલગ બોર્ડની રચના થઈ છે.
(A) કાનૂની (લીગલ)
(B) તકનીકી (ટેક્નીકલ)
(C) મેડિકલ
(D) વ્યાવસાયિક (પ્રોફેશનલ)

8. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે પ્રવેશાર્થીઓની સંખ્યામાં થતી વૃદ્ધિને લીધે અધ્યાપન-અધ્યયન અંગેના આપણા મંતવ્યોમાં ફેરફાર થવાની શરૂઆત થઈ છે. કેટલીક આગળ પડતી સંસ્થાઓએ આ પડકારી અધ્યાપન-અધ્યયન માટે બહુમાધ્યમનો સ્વીકાર કર્યો છે. આનો અર્થ અધ્યાપન અધ્યયન માટે .......... નો ઉપયોગ કરવો.
(A) વ્યાખ્યાન-સહ-ચર્ચા, પ્રાયોગિક કાર્ય
(B) પ્રત્યક્ષ, દૂરવર્તી અને મુકત અધ્યયન પ્રણાલી (ODL)
(C) ODL, પ્રત્યક્ષ, ઉપગ્રહ અને વેબ આધારિત અભિગમ
(D) સ્વ-અધ્યયન, ICT આધારિત, ODL

9. Apart from specialisation in one's subject areas, products of higher education are also expected to be....................in the context of national development.

(A) sensitive and proactive towards emerging concerns and issues

(B) responsible workers in one's institution

(C) aware of the economic changes especially the job market

(D) tolerant to the negative forces

10. To ensure quality maintenance in universities and colleges guidelines and regulations are periodically prepared by the..................at the national level.

(A) National Assessment and Accreditation Council (NAAC)

(B) National Council for Educational Research and Training (NCERT)

(C) University Grants Commission (UGC)

(D) National Institute of Advanced Study (NIAS)

9. ઉચ્ચ શિક્ષણની નીપજો પાસેથી પોતાના વિષયના ક્ષેત્રે વિશેષજ્ઞતા ઉપરાંત રાષ્ટ્રીય વિકાસના પરિપ્રેક્ષમાં .......... ની અપેક્ષા પણ રહે છે.

(A) ઉદભવતી સમસ્યાઓ અને નિસ્બતોના સંદર્ભમાં સંવેદનશીલ અને પૂર્વક્રિયાત્મક

(B) પોતાની સંસ્થામાં એક જવાબદાર કાર્યકર્તા

(C) ખાસ કરી વ્યાવસાયિક જગતના આર્થિક પરિવર્તનો અંગેની જાગૃતિ

(D) નકારાત્મક પરિબળો પ્રત્યે સહિષ્ણુ

10. યુનિવર્સિટીઓ અને કોલેજોમાં શિક્ષણની ગુણવત્તા જાળવવા માટે રાષ્ટ્રીય સ્તરે સમયાંતરે માર્ગદર્શક સૂચનો અને નિયમો ......... તૈયાર કરે છે.

(A) નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સીલ (NAAC)

(B) નેશનલ કાઉન્સીલ ફોર એજ્યુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)

(C) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC)

(D) નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઓફ એડવાન્સડ સ્ટડી (NIAS)

11. The open university at the national level in India is known as :

(A) Indian General National Open University

(B) Integrated Governmental National Open University

(C) Indira Gandhi National Open University

(D) Iswarbhai Gordhanbhai National Open University

12. Three kinds of universities in India are :

(A) State Universities, Central Universities, Affiliating Universities

(B) Unitary Universities, Technical Universities, General Education Universities

(C) State Universities, Central Universities, Private Universities

(D) Central Universities, State Universities, Deemed Universities

13. A condition or characteristic that can take on different values or categories is called :

(A) a constant

(B) a variable

(C) a cause and effect relationship

(D) a descriptive relationship

11. ભારતમાં રાષ્ટ્રીય કક્ષાએ ઓપન યુનિવર્સિટી તરીકે ........ જાણીતી છે.

(A) ઇન્ડીયન જનરલ નેશનલ ઓપન યુનિવર્સિટી

(B) ઇન્ટીગ્રેટેડ ગવર્મેન્ટલ નેશનલ ઓપન યુનિવર્સિટી

(C) ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

(D) ઈશ્વરભાઈ ગોરધનભાઈ નેશનલ ઓપન યુનિવર્સિટી

12. ભારતમાં આ ત્રણ પ્રકારની યુનિવર્સિટીઓ અસ્તિત્વ ધરાવે છે :

(A) રાજ્ય-યુનિવર્સિટી, કેન્દ્રીય યુનિવર્સિટી, જોડાણ આપનાર યુનિવર્સિટીઓ

(B) એક-એકમ (unitary) યુનિવર્સિટી, ટેકનિકલ યુનિવર્સિટી, સામાન્ય શિક્ષણ આપતી યુનિવર્સિટીઓ

(C) રાજ્ય-યુનિવર્સિટી, કેન્દ્રીય યુનિવર્સિટી, ખાનગી યુનિવર્સિટી

(D) કેન્દ્રીય યુનિવર્સિટી, રાજ્ય યુનિવર્સિટી, દરજ્જા પ્રાપ્ત (deemed) યુનિવર્સિટી

13. પરિસ્થિતિ કે લાક્ષણિકતા જે જુદા જુદા મૂલ્યો અથવા કક્ષાઓ ધરાવી શકે તેને ........ કહે છે.

(A) અચળ

(B) ચલ

(C) કારણ અને અસરનો સંબંધ

(D) વર્ણનાત્મક સંબંધ

14. A researcher wants to find out the relationship between gender and intelligence among high school students. This would be :
(A) a Case Study
(B) a Developmental Study
(C) a Survey Study
(D) an Experimental Study

15. The best graphical way to present data related to different levels of a certain variable is :
(A) pictogram
(B) pie chart
(C) histogram
(D) frequency polygon

16. In simple terms 'reliability' is the :
(A) consistency of scores on tests
(B) appropriateness of interpretation based on test scores
(C) ways in which people are the same
(D) rank order of participants on some measure

17. A researcher was interested in studying why learning of new maths was not effective in schools during 1990s. For this, he interviewed several teachers who had taught new maths at that time. These teachers were.................for his study.
(A) primary sources
(B) secondary sources
(C) external critics
(D) internal critics

14. એક સંશોધક માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની જાતીયતા અને બુદ્ધિ વચ્ચેનો સંબંધ શોધવા ઇચ્છે છે. આ કાર્ય ......... થશે.
(A) વ્યક્તિ અભ્યાસ
(B) વિકાસાત્મક અભ્યાસ
(C) સર્વેક્ષણ અભ્યાસ
(D) પ્રાયોગિક અભ્યાસ

15. કોઈ ચલની વિવિધ કક્ષાઓ સાથે સંબંધિત માહિતીની શ્રેષ્ઠ આલેખિત રજૂઆત કરવાની રીત ........ છે.
(A) ચિત્રાત્મક આલેખ
(B) પાઈ ચાર્ટ (વર્તુળ આલેખ)
(C) સ્તંભાલેખ
(D) આવૃત્તિ બહુકોણ

16. સાદી પરિભાષામાં 'વિશ્વસનીયતા' ....... છે.
(A) કસોટી પરના પ્રાપ્તાંકોનું સાતત્ય
(B) કસોટી પ્રાપ્તાંકો પર આધારિત અર્થઘટનની ઉચિતતા
(C) જે બાબતોમાં લોકો સમાન છે
(D) કોઈ માપ પર પાત્રોનું ક્રમાંકન છે

17. એક સંશોધકને એ જાણવામાં રસ હતો કે 1990 ના ગાળામાં શાળાઓમાં નવા ગણિતનું અધ્યયન શા માટે અસરકારક રહ્યું ન હતું. આ માટે તેણે આ ગાળામાં નવું ગણિત ભણાવતા શિક્ષકોની મુલાકાત લીધી. આ શિક્ષકો તેના અભ્યાસના ......... હતા.
(A) પ્રાથમિક સ્ત્રોત
(B) ગૌણ સ્ત્રોત
(C) બાહ્ય આલોચકો
(D) આંતરિક આલોચકો

18. A positive correlation is present when :

(A) two variables move in opposite directions

(B) two variables move in the same direction

(C) both variables have negative values

(D) several variables rarely change

**Directions (Q. Nos. 19 to 21) :**

Answer the questions from the given data :

Given data tabulates admission (in percentage) of the candidates to the four courses in five years from 1991 to 1995 :

| Year | Percentage of admitted candidates | | | |
|---|---|---|---|---|
| | Biology | Geology | Chemistry | Mathematics |
| 1991 | 35 | 30 | 20 | 15 |
| 1992 | 40 | 35 | 15 | 10 |
| 1993 | 30 | 25 | 20 | 25 |
| 1994 | 20 | 20 | 30 | 30 |
| 1995 | 30 | 30 | 25 | 15 |

Answer the following questions based on the above data.

19. What is the % of increase in number of candidates choosing chemistry from 1993 to 1994 ?

(A) 25

(B) 50

(C) 100

(D) 75

18. જ્યારે ........ ત્યારે ધન સહસંબંધ ધરાવે છે.

(A) બે ચલો વિરૂદ્ધ દિશાઓમાં ખસતા હોય

(B) બે ચલો એક જ દિશામાં/સમાન દિશામાં ખસતા હોય

(C) બંને ચલો ઋણ મૂલ્યો ધરાવતા હોય

(D) ઘણા ચલો ભાગ્યે જ બદલાતા હોય

**સૂચના (પ્રશ્ન 19 થી 21) :**

નીચેની સારણીની માહિતી પરથી પ્રશ્ન 19 થી 21 ના ઉત્તર લખો :

સારણીમાં 1991 થી 1995 દરમ્યાનની પાંચ વર્ષની વિદ્યાર્થીઓની ચાર કોર્સની માહિતી ટકાવારી સ્વરૂપે આપેલી છે.

| વર્ષ | પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓના ટકા | | | |
|---|---|---|---|---|
| | જીવશાસ્ત્ર | ભૂસ્તરશાસ્ત્ર | રસાયણશાસ્ત્ર | ગણિતશાસ્ત્ર |
| 1991 | 35 | 30 | 20 | 15 |
| 1992 | 40 | 35 | 15 | 10 |
| 1993 | 30 | 25 | 20 | 25 |
| 1994 | 20 | 20 | 30 | 30 |
| 1995 | 30 | 30 | 25 | 15 |

ઉપરોક્ત માહિતીના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

19. 1993 થી 1994 સુધીમાં રસાયણશાસ્ત્ર પસંદ કરતા વિદ્યાર્થીઓની સંખ્યામાં કેટલા ટકા વધારો થયો ?

(A) 25

(B) 50

(C) 100

(D) 75

20. What is the % of fall of number of candidates in Biology from 1992 to 1993 ?

(A) 25

(B) 50

(C) 100

(D) 75

21. In which subject the strength (in %) was least in the year 1993 ?

(A) Biology

(B) Geology

(C) Chemistry

(D) Mathematics

**Directions (Q. Nos. 22 to 24) :**

The following data provides the information of outgoing students from an academic institution after completing their study. Answer the question Nos. **22** to **24** based on these data :

| Percentage of Students | Year 2003 | 2004 | 2005 |
|---|---|---|---|
| by campus recruitment | 33 | 38 | 39 |
| in further study | 40 | 36 | 37 |
| unemployed | 2 | 1 | 3 |
| to other activities | 25 | 25 | 22 |
| Total number of students | 1200 | 1100 | 1000 |

20. 1992 થી 1993 સુધીમાં જીવશાસ્ત્રના વિદ્યાર્થીઓની સંખ્યામાં કેટલા ટકા ઘટાડો છે ?

(A) 25

(B) 50

(C) 100

(D) 75

21. 1993 ના વર્ષમાં કયા વિષયની સંખ્યાના ટકા સૌથી ઓછા હતા ?

(A) જીવશાસ્ત્ર

(B) ભૂસ્તરશાસ્ત્ર

(C) રસાયણશાસ્ત્ર

(D) ગણિતશાસ્ત્ર

**સૂચના (પ્રશ્ન 22 થી 24) :**

નીચે આપેલ માહિતી એ એક શૈક્ષણિક સંસ્થામાંથી અભ્યાસ પૂર્ણ કરી બહાર આવતા વિદ્યાર્થીઓ અંગેની છે. આ માહિતીને આધારે પ્રશ્ન **22** થી **24** ના ઉત્તર આપો :

| **પ્રતિશત વિદ્યાર્થીઓ** | **વર્ષ** 2003 | 2004 | 2005 |
|---|---|---|---|
| કેમ્પસમાં થયેલ ભરતી (કેમ્પસ રીક્રુટમેન્ટ) | 33 | 38 | 39 |
| વધુ અભ્યાસ અર્થે | 40 | 36 | 37 |
| બેરોજગાર રહ્યા | 2 | 1 | 3 |
| અન્ય પ્રવૃત્તિ સ્વીકારી | 25 | 25 | 22 |
| વિદ્યાર્થીઓની કુલ સંખ્યા | 1200 | 1100 | 1000 |

આ માહિતીને આધારે આપેલાં પ્રશ્નોનાં જવાબો આપો.

22. What is the largest number of students employed through campus recruitment ?

(A) 396

(B) 418

(C) 490

(D) 430

23. What is decrease in number of students going for further studies during 2003-05 ?

(A) 110

(B) 100

(C) 30

(D) 10

24. How many students choose other activities in 2004 ?

(A) 300

(B) 275

(C) 220

(D) 200

**Directions (Q. Nos. 25 to 30) :**

Read the following text and answer the questions **25** to **30** :

The world is becoming global rapidly. The national boundaries have become less significant with the interlinked effects of technology, information flows and investment mobility. Human knowledge, particularly in the sphere of science and technology, is now growing at a pace which was indeed unthinkable even two decades ago.

22. મહત્તમ કેટલાં વિદ્યાર્થીઓની ભરતી કેમ્પસ રીક્રુટમેન્ટ દ્વારા થઈ ?

(A) 396

(B) 418

(C) 490

(D) 430

23. વર્ષ 2003 થી 2005 દરમિયાન વધુ અભ્યાસાર્થે જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં કેટલો ઘટાડો થયો ?

(A) 110

(B) 100

(C) 30

(D) 10

24. વર્ષ 2004 માં કેટલાં વિદ્યાર્થીઓએ અન્ય પ્રવૃત્તિ સ્વીકારી ?

(A) 300

(B) 275

(C) 220

(D) 200

**સૂચના (પ્રશ્ન 25 થી 30) :**

નીચેનો ફકરો વાંચી પ્રશ્ન **25** થી **30** ના ઉત્તર આપો :

જગત ઝડપથી વૈશ્વિક બની રહ્યું છે. ટેકનોલોજી, માહિતી-પ્રવાહો અને રોકાણની ગતિશીલતાની આંતર-સંબંધિત અસરોને કારણે હવે દેશની સીમાઓનું મહત્વ ઘટી ગયું છે. આજે માનવીય જ્ઞાન, ખાસ કરીને વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં એટલી ઝડપથી વધી રહ્યું છે કે જેનો વિચાર સુદ્ધાં બે દાયકા પહેલાં આપણે કરી શકતા ન હતા. કોઈપણ દેશની તુલનાત્મક પ્રગતિ હવે

The comparative advantage of a nation will be more and more influenced by its capacity to generate, absorb, adapt and assimilate new technologies into production process. If liberalisation and globalisation are not to create islands of prosperity surrounded by vast sea of destitution, there has to be firm commitment to human resource development and to continuous upgrading of human skills and capabilities in the fast changing world that we live in. The Indian policy makers are fully committed to building a society which is technologically sophisticated, economically progressive and socially just and humane.

Impact of globalisation on education is now being felt in India. Indian entrepreneurs are also now investing in education. In the process of privatisation of higher education in India, many good institutions have come up and have met the increasing demand for higher education mainly in the area of engineering, business administration and medical education. But this process has also led to mushroom growth of low quality institutions without proper infrastructure. However, the expansion of higher education in

ઉત્પાદન પ્રક્રિયાઓમાં નવી ટેકનોલોજીનું સર્જન, સમાવેશ, ઔચિત્યપૂર્ણ પરિવર્તન અને સંયોજન કરવાની એની ક્ષમતા દ્વારા વધુ ને વધુ પ્રભાવિત થવાની છે. જો ઉદારીકરણ અને વૈશ્વીકરણ દ્વારા દરિદ્રતાના વિશાળ સમુદ્રથી ઘેરાયેલા આબાદીના ટાપુઓ સર્જાવા ન દેવા હોય તો આપણી આ ઝડપથી બદલી રહેલી દુનિયામાં માનવ-કૌશલો અને ક્ષમતાઓનું સાતત્યપૂર્ણ ઉન્નયન થતું રહે અને માનવ સંસાધનનો વિકાસ થાય તે માટે આપણે દૃઢતાથી પ્રતિબદ્ધ થવું પડશે. ભારત દેશના નીતિ-નિર્ધારકો તાંત્રિક રીતે અત્યાધુનિક, આર્થિક રીતે પ્રગતિશીલ અને ન્યાયી તથા માનવીય સમાજનું નિર્માણ કરવા માટે પૂર્ણતઃ પ્રતિબદ્ધ છે.

ભારત દેશ પર વૈશ્વીકરણનો પ્રભાવ હવે વર્તાવા લાગ્યો છે.ભારતના ઉદ્યોગ-સાહસિકો હવે શિક્ષણમાં પણ રોકાણ કરવા લાગ્યા છે. ભારતમાં ઉચ્ચ શિક્ષણના ખાનગીકરણની પ્રક્રિયા દરમિયાન ઘણી સારી સંસ્થાઓ ઊભી થઈ છે અને ઈજનેરી, ધંધાકીય વ્યવસ્થાપન અને તબીબી શિક્ષણના ક્ષેત્રોમાં વધતી જતી માંગને પહોંચી વળવા સમર્થ બની છે. પરંતુ આ જ પ્રક્રિયા દરમિયાન નીચી ગુણવત્તા ધરાવતી અને ઉચિત માળખાકીય સુવિધા વગરની ઘણી બધી સંસ્થાઓ બિલાડીના ટોપની પેઠે ફૂટી નીકળી છે. જો કે ભારતમાં

India has resulted in increasing access to higher education even in rural areas of the country. In this process, Human Resource Development is taking place at a faster speed as compared to the earlier stage when the opportunities for higher education were limited.

Globalisation has promoted information technology in India. Indian students have excelled in the area of information technology over many other countries. Developments taking place in the developed countries become available to Indian students, scholars and practitioners through regular contacts and through the modern technology.

25. How has new technology contributed to enrich the competencies of Indian students in the field of IT ?
   - (A) Indian students go to foreign universities in large number to study IT
   - (B) The new technology has enabled them to study IT in India
   - (C) Indian government is promoting the new technology
   - (D) Our students have established good contacts with developed countries.

ઉચ્ચ શિક્ષણના આવા ફેલાવાના કારણે દેશના ગ્રામીણ વિસ્તારોમાં પણ લોકોને ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચવા માટેની તકોમાં વધારો થયો છે. અને આની અગાઉના તબક્કામાં જ્યારે ઉચ્ચ શિક્ષણની તકો મર્યાદિત પ્રમાણમાં હતી તેની સરખામણીએ આજે માનવ સંસાધન વિકાસ પ્રક્રિયા ખૂબ જ તેજ ગતિથી ચાલી રહી છે. વૈશ્વીકરણને કારણે ભારતમાં માહિતી ટેકનોલોજી આગળ ધપી છે. બીજા અનેક દેશોની સરખામણીમાં ભારતના વિદ્યાર્થીઓએ માહિતી-ટેકનોલોજીના ક્ષેત્રમાં વધુ તેજસ્વિતા હાંસલ કરી છે. વિકસિત દેશોમાં જે કાંઈ નવું થઈ રહ્યું છે તે બધું આધુનિક ટેકનોલોજી અને તે દેશો સાથેના નિયમિત સંપર્કો દ્વારા ભારતના વિદ્યાર્થીઓ, સંશોધકો અને કાર્યકર્તાઓને પ્રાપ્ય બને છે.

25. માહિતી-ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતના વિદ્યાર્થીઓની આવડતોનું સંવર્ધન કરવામાં નવી ટેકનોલોજી કઈ રીતે પ્રદાન કરે છે ?
   - (A) ભારતના વિદ્યાર્થીઓ માહિતી ટેકનોલોજીનો અભ્યાસ કરવા માટે મોટી સંખ્યામાં વિદેશની યુનિવર્સિટીઓમાં જાય છે
   - (B) નવી ટેકનોલોજીના કારણે તેઓ ભારતમાં જ માહિતી-ટેકનોલોજીનો અભ્યાસ કરવા સક્ષમ બન્યા છે
   - (C) ભારત સરકાર નવી ટેકનોલોજીને ટેકો આપે છે
   - (D) તેના દ્વારા ભારતના વિદ્યાર્થીઓએ વિકસિત દેશો સાથેના સંપર્કો સ્થાપિત કર્યા છે

26. In the globalized India human resource development is accelerated by :

(A) Rapid flows of information

(B) Privatization of higher education

(C) Opportunities for higher education are limited to rural areas

(D) Commitment of Indian Policy makers

27. In a fast changing society, firm political commitment is essential to :

(A) spread prosperity equitably

(B) reduce widespread destitution

(C) enhance quality of human resource

(D) all of the above

28. Of the following..................is not a factor affecting the speed of globalization.

(A) Generation of new technologies

(B) Freedom for investment

(C) Marriage of information with technology

(D) A high speed growth in knowledge

26. વૈશ્વિક ભારતમાં માનવ સંસાધન વિકાસને શાના દ્વારા વેગ મળ્યો છે ?

(A) માહિતીના ઝડપી પ્રવાહ દ્વારા

(B) ઉચ્ચ શિક્ષણના ખાનગીકરણ દ્વારા

(C) ગ્રામીણ વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણની તકો મર્યાદિત થવાના કારણે

(D) ભારતના નીતિ-નિર્ધારકોની પ્રતિબદ્ધતા દ્વારા

27. ઝડપથી પરિવર્તન પામતા સમાજમાં સુદૃઢ રાજકીય પ્રતિબદ્ધતાની અનિવાર્યતા શા માટે છે ?

(A) આર્થિક સમૃદ્ધિનું ન્યાયપૂર્ણ વિતરણ કરવા માટે

(B) વ્યાપક દરિદ્રતાને ઓછી કરવા માટે

(C) માનવ સંસાધનની ગુણવત્તા વધારવા માટે

(D) ઉપરના બધા જ માટે

28. નીચેનામાંથી કયું પરિબળ વૈશ્વીકરણના વેગમાં વધારો કરવા માટે જવાબદાર નથી :

(A) નવી ટેકનોલોજીનું સર્જન

(B) રોકાણ કરવાની સ્વતંત્રતા

(C) ટેકનોલોજી સાથે માહિતીની જુગલબંધી

(D) જ્ઞાનમાં થતી ઝડપી વૃદ્ધિ

29. What might happen if we fail to create a just and humane society ?

(A) The programmes for human resource development would fail

(B) Human skills cannot be upgraded

(C) The process of globalization would break down

(D) Globalization and liberalization would create economic imbalance

30. Find out the results of privatization of education in India, from the following :

(1) Higher education has become accessible to rural students.

(2) The pace of human resource development has increased.

(3) Many low quality colleges have come up.

(4) The quality of medical and engineering education has improved a lot.

(A) (2) and (3)

(B) (1) and (4)

(C) (1), (2) and (3)

(D) All of the above

29. જો આપણે ન્યાયપૂર્ણ અને માનવીય સમાજનું નિર્માણ કરવામાં નિષ્ફળ થઈએ તો શું પરિણામ આવી શકે ?

(A) માનવ સંસાધન વિકાસ કાર્યક્રમ નિષ્ફળ જશે

(B) માનવીય કૌશલોમાં ઉન્નયન નહીં થાય

(C) વૈશ્વીકરણની પ્રક્રિયા ભાંગી પડશે

(D) વૈશ્વીકરણ અને ઉદારીકરણ દ્વારા આર્થિક અસંતુલન સર્જાશે

30. નીચેનામાંથી ભારતમાં શિક્ષણના થયેલા ખાનગીકરણનું પરિણામ શોધો :

(1) ગ્રામીણ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચવાની તક મળી છે

(2) માનવ સંસાધન વિકાસની ગતિમાં વધારો થયો છે

(3) નિમ્ન ગુણવત્તા ધરાવતી ઘણી કોલેજો ઊભી થઈ છે

(4) તબીબી અને ઈજનેરી શિક્ષણની ગુણવત્તામાં ખાસ્સો વધારો થયો છે

(A) (2) અને (3)

(B) (1) અને (4)

(C) (1), (2) અને (3)

(D) ઉપરના બધા જ

31. EDUSAT refers to :

(A) Satellite based transmission channel meant for educational purposes

(B) A television channel providing education and entertainment

(C) A non-commercial television channel operated by cables

(D) An educational channel operated through universities

32. Teachers must not only be effective communicators but they should also :

(A) use various media for communication

(B) take care to remain effective

(C) get regular feedback from students

(D) develop the same (effective communication) in students

33. The most preferable type of communication in the classroom is :

(A) One to many

(B) Many to one

(C) One to one

(D) Many to many

31. EDUSAT એટલે :

(A) શિક્ષણના હેતુ અર્થે કરવામાં આવતું ઉપગ્રહ આધારિત સંપ્રેષણ

(B) શિક્ષણ અને મનોરંજન પૂરું પાડતી એક ટેલિવિઝન ચેનલ

(C) કેબલ દ્વારા ચલાવવામાં આવતી બિન-ધંધાદારી ટેલિવિઝન ચેનલ

(D) યુનિવર્સિટીઓ દ્વારા ચલાવાતી એક શૈક્ષણિક ચેનલ

32. શિક્ષકો માત્ર અસરકારક પ્રત્યાયનકર્તા બને તેટલું પૂરતું નથી. આ ઉપરાંત તેઓએ :

(A) પ્રત્યાયન માટે વિવિધ માધ્યમોનો ઉપયોગ કરવો જોઈએ

(B) અસરકારકતા જાળવી રાખવા માટે કાળજી લેવી જોઈએ

(C) વિદ્યાર્થીઓ પાસેથી નિયમિત પ્રતિપોષણ મેળવવું જોઈએ

(D) વિદ્યાર્થીઓમાં પણ આવું જ પ્રત્યાયન કૌશલ વિકસાવવું જોઈએ

33. નીચેના પૈકી કયા પ્રકારનું વર્ગ-પ્રત્યાયન સૌથી વધુ ઉચિત છે :

(A) એકનું ઘણા સાથે

(B) ઘણાનું એક સાથે

(C) એકનું એક સાથે

(D) ઘણાનું ઘણા સાથે

34. 'Nodding' is a cue for.................. communication.

(A) initiating

(B) terminating

(C) encouraging

(D) distracting

35. Which of the following is *not* a communicative situation in the classroom ?

(A) copying down the points written on the blackboard

(B) standing up when teacher enters the classroom

(C) looking down when teacher asks a question

(D) looking at the teacher silently

36. The major barrier in communication process is :

(A) sender's poor knowledge of the topic of communication

(B) receiver's negative attitude towards the sender

(C) disturbance in the surrounding

(D) lack of perceptible feedback from the receiver

37. An address of a website on internet is called :

(A) URL

(B) Client

(C) Protocol

(D) WAN

34. 'માથું હલાવવું' (nodding) એ પ્રત્યાયન પ્રક્રિયામાં શાનો સંકેત છે ?

(A) પ્રારંભ કરવાનો

(B) અંત લાવવાનો

(C) પ્રોત્સાહન આપવાનો

(D) ધ્યાનભંગ કરવાનો

35. વર્ગમાંની નીચેના પૈકી કઈ પરિસ્થિતિ પ્રત્યાયન-પરિસ્થિતિ નથી ?

(A) કાળા પાટિયા પર લખેલા મુદ્દાઓ નોટમાં ઉતારવા

(B) શિક્ષક વર્ગમાં પ્રવેશે ત્યારે ઊભા થવું

(C) શિક્ષક પ્રશ્ન પૂછે ત્યારે નીચું જોવું

(D) શિક્ષક સામે મૂંગા-મૂંગા તાકી રહેવું

36. પ્રત્યાયન-પ્રક્રિયામાં સૌથી મોટો અવરોધ કયો છે ?

(A) પ્રેષકની પ્રત્યાયનના મુદ્દા અંગેની નબળી જાણકારી

(B) પ્રેષક પ્રતિ પ્રાપ્તકર્તાનું નકારાત્મક વલણ

(C) આસપાસમાં થતો ઘોંઘાટ

(D) પ્રાપ્તકર્તા તરફથી દેખીતા પ્રતિપોષણનો અભાવ

37. ઇન્ટરનેટ પરના વેબ સાઈટનાં એડ્રેસને ......... કહે છે.

(A) URL

(B) ક્લાયન્ટ

(C) પ્રોટોકોલ

(D) WAN

38. In order to disconnect Internet, one has to :
(A) Log in
(B) Exit
(C) Log out
(D) Quit

39. In which of the following file format the editing is *not* possible ?
(A) . doc
(B) . pdf
(C) . ppt
(D) . txt

40. A result of a computer virus cannot lead to :
(A) Deletion of file
(B) Corruption of program
(C) Disk crash
(D) Motherboard Crash

41. The word 'Internet' is a composition of :
(A) Inter-communication and Network
(B) International and Network
(C) Inter-connection and Network
(D) Interactive and Network

42. The full form of HTML is :
(A) Hypertext Machine Language
(B) Hypertext Markup Language
(C) Higher Text Machine Language
(D) Hidden Text Markup Language

38. ઇન્ટરનેટ જોડાણથી છુટા થવા માટે .......... થવું જોઈએ.
(A) Log in
(B) Exit
(C) Log out
(D) Quit

39. નીચેના ફાઈલ ફોર્મેટમાંથી શામાં એડિટિંગ/સુધારા-વધારા કરવા શકય નથી ?
(A) . doc
(B) . pdf
(C) . ppt
(D) . txt

40. કમ્પ્યૂટર વાયરસના પરિણામે શું થતું નથી ?
(A) ફાઈલનું ડીલીટ થવું
(B) પ્રોગ્રામનું કરપ્ટ થવું
(C) ડિસ્કનું ક્રેશ થવું
(D) મધર બોર્ડનું ક્રેશ થવું

41. 'ઇન્ટરનેટ' શબ્દ ......... નું સંયોજન છે.
(A) ઇન્ટર-કમ્યુનિકેશન અને નેટવર્ક
(B) ઇન્ટરનેશનલ અને નેટવર્ક
(C) ઇન્ટર-કનેકશન અને નેટવર્ક
(D) ઇન્ટરએક્ટિવ અને નેટવર્ક

42. HTML નું પૂર્ણ સ્વરૂપ ........ છે.
(A) હાયપરટેક્સ્ટ મશીન લેંગ્વેજ
(B) હાયપરટેક્સ્ટ માર્કઅપ લેંગ્વેજ
(C) હાયર ટેક્સ્ટ મશીન લેંગ્વેજ
(D) હિડન ટેક્સ્ટ માર્કઅપ લેંગ્વેજ

43. If HOW = 23, and HAI = 9, then SEX = ?

(A) 18

(B) 36

(C) 47

(D) 24

44. The correct number for question-mark in the sequence : 3, 4, 7, 12, ?, 28, ... is :

(A) 20

(B) 18

(C) 19

(D) 17

45. Given the set A = {Sparrow, Parrot, Peacock, Swan, Owl, Duck}. Then the total number of its subsets will be :

(A) 56

(B) 36

(C) 64

(D) 32

46. Choose the correct answer to complete the sequence :



(A) 

(B) 

(C) 

(D) 

43. જો HOW = 23, અને HAI = 9 હોય તો SEX = ?

(A) 18

(B) 36

(C) 47

(D) 24

44. આપેલી શ્રેણી : 3, 4, 7, 12, ?, 28, ... માં પ્રશ્નાર્થને સ્થાને આવતી સાચી સંખ્યા...... છે.

(A) 20

(B) 18

(C) 19

(D) 17

45. આપેલ ગણ A = {ચકલી, પોપટ, મોર, હંસ, ઘુવડ, બતક} નાં કુલ ઉપગણોની સંખ્યા ......... થશે.

(A) 56

(B) 36

(C) 64

(D) 32

46. આપેલ શ્રેણી :



માં ખૂટતો ઘટક આપેલ વિકલ્પોમાંથી યોગ્ય રીતે પસંદ કરી શ્રેણી પૂર્ણ કરો :

(A) 

(B) 

(C) 

(D) 

47. If '+' stands for multiplication, '–' stands for division and '*' stands for the power, then the value of [{(4 + 3) – 2}*2]–(6 * 0) is :

(A) 30

(B) 25

(C) 35

(D) 20

48. Given the correspondence 0 → – 4, 1 → –3, 2 → 4, 3 → 23. Then 3/4 → ?

(A) 520/81

(B) –341/37

(C) 421/88

(D) –229/64

49. A person X is taller than Y but shorter than Z. The person V is taller than X but shorter than Z, and W is taller than Y but shorter than X. Then the tallest person will be :

(A) Y

(B) Z

(C) V

(D) X

50. Make the sequence

*x*, ?, *p*, *l*, *h*

Complete by filling correct answer from the given alternatives.

(A) *y*

(B) *t*

(C) *z*

(D) *n*

47. જો ગુણાકાર માટે '+' ચિન્હ વાપરવામાં આવે, ભાગાકાર માટે '–' ચિન્હ વાપરવામાં આવે, અને ઘાત માટે '*' ચિન્હ વાપરવામાં આવે તો [{(4 + 3) – 2}*2]–(6 * 0) નું મૂલ્ય ...... થશે.

(A) 30

(B) 25

(C) 35

(D) 20

48. નીચે પ્રમાણે સંગતતા આપી હોય તો પ્રશ્નચિન્હનાં સ્થાને કઈ સંખ્યા આવશે ?

0 → – 4, 1 → –3, 2 → 4, 3 → 23, 3/4 → ?

(A) 520/81

(B) –341/37

(C) 421/88

(D) –229/64

49. એક વ્યક્તિ X ની ઊંચાઈ Y કરતાં વધુ છે, પણ Z કરતાં ઓછી છે. વ્યક્તિ V ની ઊંચાઈ X કરતાં વધુ છે પણ Z કરતાં ઓછી છે. અને W ની ઊંચાઈ Y કરતાં વધુ છે પણ X કરતાં ઓછી છે. તો સૌથી વધુ ઊંચાઈ કોની હશે ?

(A) Y

(B) Z

(C) V

(D) X

50. આપેલી શ્રેણી

*x*, ?, *p*, *l*, *h*

માં ખૂટતો ઘટક આપેલ વિકલ્પોમાંથી યોગ્ય રીતે પસંદ કરી પૂર્ણ કરો :

(A) *y*

(B) *t*

(C) *z*

(D) *n*

51. A teacher is teaching in a classroom. The Venn diagram related to school, teacher, classroom and blackboard will be :

(A) 

(B) 

(C) 

(D) None of (A), (B), (C)

52. Fill the correct letter from the given alternatives, in place of question-mark :




(A) C

(B) K

(C) B

(D) O

51. એક શાળામાં શિક્ષક વર્ગમાં ભણાવી રહ્યા છે. આ સંદર્ભમાં શાળા, શિક્ષક, વર્ગ અને બ્લેકબોર્ડને સાંકળતી વેન આકૃતિ ........ થશે.

(A) 

(B) 

(C) 

(D) (A), (B), (C) માંથી કોઈ નહીં

52. આપેલ આકૃતિમાં, આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પ્રશ્ન ચિન્હનાં સ્થાને મૂકો :




(A) C

(B) K

(C) B

(D) O

53. Put the correct letter in the diagram, from the given alternatives, to replace '?'




(A) J (B) K
(C) L (D) G

54. Complete the sequence of squares by choosing the correct figure from the given alternatives :




(A) 

(B) 

(C) 

(D) 

55. Which of the following pollutant gas present in atmosphere is more toxic to human beings ?

(A) Carbon dioxide ($CO_2$)
(B) Methane ($CH_4$)
(C) Carbon monoxide (CO)
(D) Sulphur dioxide ($SO_2$)

53. આપેલી આકૃતિમાં આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પ્રશ્નચિન્હનાં સ્થાને મૂકો :




(A) J (B) K
(C) L (D) G

54. આપેલ ક્રમિક ચોરસ આકૃતિઓની શ્રેણીમાં આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ મૂકી શ્રેણી પૂર્ણ કરો :




(A) 

(B) 

(C) 

(D) 

55. વાતાવરણમાં રહેલો કયો પ્રદૂષિત વાયુ માનવજાત માટે વધુ ઝેરી પુરવાર થયો છે ?

(A) કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$)
(B) મિથેન ($CH_4$)
(C) કાર્બન મોનોક્સાઈડ (CO)
(D) સલ્ફર ડાયોક્સાઈડ ($SO_2$)

56. Although use of nuclear energy is thought to be pollution free, yet it can pose severe health hazards due to :
(A) Nuclear explosion
(B) Any disaster in nuclear plant
(C) Unavailability of nuclear waste disposal methods
(D) Exposure of radiation during normal running of a nuclear plant

57. Green-house effect is increasing due to :
(A) Change in atmospheric pressure
(B) Change in number of green-house gases
(C) Change in concentration of green-house gases
(D) Melting of glaciers and dry atmospheric conditions

58. Arrange the following gases in decreasing order of their concentration in atmosphere :
(1) Oxygen
(2) Nitrogen
(3) Carbon dioxide
(4) Argon
(A) (2)–(1)–(4)–(3)
(B) (1)–(2)–(4)–(3)
(C) (2)–(1)–(3)–(4)
(D) (2)–(3)–(4)–(1)

59. Reduction in global warming is possible with :
(A) increased plantation
(B) conservation of wildlife
(C) reduction in use of fossil fuel
(D) (A) and (C)

60. Which is the second most important green-house gas besides $CO_2$ responsible for global warming ?
(A) Methane
(B) Chlorofluoro carbon (CFC)
(C) Nitrous oxide
(D) Ozone

56. અણુઊર્જાનો વપરાશ જો કે અપ્રદુષિત માનવામાં આવે છે. તેમ છતાં પણ .......... ને લીધે તેની સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસર પડે છે.
(A) અણુ વિસ્ફોટ
(B) ન્યુકિલયર પ્લાન્ટમાં થતી દુર્ઘટના
(C) અણુ કચરાનો નિકાલ કરવાની પદ્ધતિઓ ઉપલબ્ધ ન હોવાને
(D) ન્યુકિલયર પ્લાન્ટમાં થતી રેડિયેશનની અસર

57. 'ગ્રીન-હાઉસ ઈફેકટ' માં વધારો થવાનું કારણ :
(A) વાતાવરણનાં દબાણમાં થતો ફેરફાર
(B) ગ્રીન હાઉસ ગેસની સંખ્યામાં થતો ફેરફાર
(C) ગ્રીન હાઉસ ગેસની સાંદ્રતામાં થતો ફેરફાર
(D) હિમશિલાઓનું પીગળવું અને સૂકા હવામાનની અસર

58. નીચે આપેલા વાયુઓને તેમની વાતાવરણમાં રહેલી ઘટ્ટતાનાં ઉતરતા ક્રમમાં ગોઠવો :
(1) ઓકિસજન
(2) નાઈટ્રોજન
(3) કાર્બન ડાયોકસાઈડ
(4) આર્ગન
(A) (2)–(1)–(4)–(3)
(B) (1)–(2)–(4)–(3)
(C) (2)–(1)–(3)–(4)
(D) (2)–(3)–(4)–(1)

59. 'ગ્લોબલ વોર્મિંગ' માં ઘટાડો ત્યારે જ શકય બને જયારે :
(A) વૃક્ષારોપણમાં વધારો થાય
(B) વન્ય જીવનની સાચવણી થાય
(C) અશ્મિ બળતણમાં ઘટાડો થાય
(D) (A) અને (C)

60. કાર્બન ડાયોકસાઈડ ($CO_2$) ઉપરાંત બીજો કયો મહત્વનો ગ્રીન હાઉસ વાયુ છે જે ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર છે ?
(A) મિથેન
(B) કલોરોફલોરો કાર્બન (CFC)
(C) નાઈટ્રસ ઓકસાઈડ
(D) ઓઝોન

## ROUGH WORK